# Academic Year
# 2019-20

Government Arts College, Kaparada
સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭
સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

# Extension Activities

| Sr.no. | Activities | Numbers of Participated | Page no. |
|---|---|---|---|
| 1 | Celebration of International Day Against Drug Abuse and Illegal Trafficking | 49 | 3-4 |
| 2 | Cleanliness Campaign | 91 | 5-6 |
| 3 | Online “Matadar Sudharna” | 122 | 7-8 |
| 4 | Swachchta Hi Seva | 96 | 9-10 |
| 5 | Celebration of 150th Gandhi Jayanti and Fit India Plugging run | 60 | 11-12 |
| 6 | Campaign for Plastic Free India | 34 | 13-14 |
| 7 | Voter Awareness Programme | 76 | 15-16 |
| 8 | NSS Annual Special Camp 2019-20 | 50 | 17-20 |
| 9 | Educational Tour to Statue of Unity and Poicha | 25 | 21-22 |
| 10 | “Beti bachavo Beti Padhavo” Programme | 102 | 23-25 |

Govt. Arts College-Kaparada * Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Name of Activity** **:- Celebration of International Day against Drug abuse and illegal Trafficking in Collaboration with Taluka Health Officer, Kaparada**

**Date** **:-29/6/2019**



**Government Arts College,Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

GACK/ 2019/ ન. મુ / ૨૪૮

DATE 01 / 07 /2019

<u>નશાકારક પદાર્થોના દુરપયોગ અને ગેરકાયદેસર હેરફેર વિરોધી આંતરરાષ્ટ્રિય દિનની ઉજવણીનો અહેવાલ</u>

સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે નશાકારક પદાર્થોના દુરપયોગ અને ગેરકાયદેસર હેરફેર વિરોધી આંતરરાષ્ટ્રિય દિનની ઉજવણી તા.૨૯/૦૬/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦થી ૧૨.૪૫ દરમિયાન કરવામાં આવી.

કાર્યક્રમ અંતર્ગત કોલેજના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ સહિત વિદ્યાર્થીમિત્રોએ વરસાદી માહોલ હોવા છતા, મોટી સંખ્યામા પોતાની ઉપસ્થિતિ નોંધાવી કાર્યક્રમમા કુલ ૪૯ વિદ્યાર્થીઓ તેમજ ૦૯ ફેકલ્ટી/સ્ટાફમિત્રોએ હાજરી આપી હતી.

કપરાડા તાલુકાના ટી.એચ.ઓ. (THO) ડૉ.મહેશભાઇ પટેલ અને સુપરવાઇઝર શ્રી ભરતભાઇ પટેલે કાર્યક્રમમાં પ્રમુખ પદ શોભાવી કાર્યક્રમની શોભા વધારી.

ભારતીય સંસ્કૃતિની પરંપરાને અનુસરતા કાર્યક્રમનો શુભારંભ કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સરસ્વતીવંદના બાદ પ્રાર્થનાથી થયો.

અતિથિ વિશેષ ડૉ.મહેશભાઇ પટેલ અને શ્રી ભરતભાઇ પટેલનુ ક્રમશ ડૉ.પ્રફુલભાઇ કુરકુટિયા અને પ્રો. દિપકભાઇ પટેલ દ્વારા પ્રાથમિક પરિચય અને આતિથ્ય કરવામાં આવ્યુ.

ડૉ.મહેશભાઇ પટેલ દ્વારા અપાયેલ પ્રાસંગિક પ્રવચનમાં કેન્સર થવાના કારણો, કેન્સરના પ્રકારો, માદક દ્રવ્યોના સેવનથી સમાજને થતી આડઅસરો, આર્થિક અસર વગેરે મુદ્દાઓ સાથે માદક દ્રવ્યોના સેવનથી થતી હાનિઓ, આજની યુવાપેઢીએ તે બાબતે રાખવાની સાવચેતીઓ, સમાજ પ્રત્યે અદા કરવાની જવાબદારીઓ વગેરે મુદ્દાઓની છણાવટ પૂર્વક વિસ્તૃત ચર્ચા કરવામા આવી.

સુપરવાઇઝર શ્રી ભરતભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને વિષય અનુરૂપ ચર્ચા બાદ 'પ્રધાન મંત્રી જન આરોગ્ય' યોજના અને 'આયુષ્યમાન ભારત' યોજના વિશે માહિતગાર કરવામા આવ્યા.



કાર્યક્રમના મધ્યે પ્રાધ્યાપિકા ડૉ.મેઘના ધારણે, પ્રો. દિપકભાઇ પટેલ અને પ્રો. મનોજભાઇ પટેલ દ્વારા પ્રસંગને અનુરૂપ વક્તવ્યો અપાયા. પ્રો.શ્રી મનોજભાઇ પટેલે કોલેજના નવયુવકો પાસે વ્યસનમુક્તિ અંગે શપથ લેવડાવી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી.

સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રાધ્યાપિકા રશ્મિતા રાઠોડના વરદ હસ્તે અને કાર્યક્રમની આભારવિધિ પ્રો. હેમંતભાઇ ખરાડી દ્વારા કરવામાં આવી જેમાં કાર્યક્રમનુ આયોજન કરનાર કોલેજના આચાર્યશ્રી, આમંત્રણને માન આપી પધારેલ મહેમાનશ્રીઓ, આયોજનને સફળતા અપાવવા પ્રયત્ન કરનારા તમામ કોલેજ સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓનો આભાર માની રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમની પૂર્ણાહૂતિ જાહેર કરવામાં આવી.

GOVT. ARTS COLLEGE KAPRADA TA. KAPRADA DIST. VALSAD

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.





**Celebration of International Day against Drug abuse and illegal Trafficking in Collaboration with Taluka Health Officer, Kaparada**



**Name of Activity :- Cleanliness Campaign in Collaboration with Taluka Development officer, Kaparada**

**Date :- 24/7/2019**



જા.નં.સ.વિ.કો.ક./301/2019
તા. 24-07-2019.

સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ અહેવાલ

તા.૨૪/૭/૨૦૧૯

સરકારી વિનયન કોલેજ કપરાડા' એન.એસ.એસ. વિભાગ દ્વારા તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ ' સ્વચ્છતા અભિયાન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના ઉદઘાટક અને મુખ્ય વક્તાનુ પદ તાલુકાવિકાસ અધિકારી કપરાડા શ્રીમતી વિભૂતીબેન સેવકે શોભાવ્યું.

કાર્યક્રમના સૂત્રધાર તરીકે પ્રા. લાલજીભાઇ ગાંવિત કાર્યક્રમનો દોર સંભાળ્યા બાદ, કોલેજના આચાર્યશ્રી ડૉ. ડિ.એન.દેવરી સાહેબ દ્વારા ટી.ડી.ઓ. મેડમશ્રીને શાબ્દિક આવકાર આપવામાં આવ્યો.

ભારતીય સંસ્કૃતીની આચાર પ્રણાલીને અચૂક જાળવતા કાર્યક્રમના શ્રીગણેશ દીપપ્રાગટ્યથી શ્રીમતી વિભૂતીબેન સેવક , આચાર્યશ્રી તેમજ અન્ય આમંત્રિતો દ્વારા કરવામાં આવ્યુ. કાર્યક્રમને આગળ ધપાવતા કોલેજના આચાર્યશ્રી એ પ્રસંગોચિત ઉદબોધન આપ્યું કે જેમાં ગાંધીજીના જીવનને સ્પર્શતી બાબતો તેમજ તેમની કાર્યપ્રણાલી સાથે. તેમના ચશ્મા, ચરખા વગેરે વિશે વાતો રજૂ કરવામાં આવી.

કાર્યક્રમના ઉદઘાટક તેમજ મુખ્ય વક્તા કપરાડાના ટી.ડી.ઓ.શ્રી નું આચાર્યશ્રી થકી પુસ્તકા વડે સ્વાગત કર્યા બાદ, પ્રા.સંદિપભાઇ ટંડેલ દ્વારા સમસ્ત કાર્યક્રમનો ટૂકચિતાર જાહેર કર્યો. જેનાથી સફાઇ કાર્યક્રમને સફળતા આપવા જે ઝીણવટ પૂર્વકનુ આયોજન કરવામાં આવ્યું હતું. તેની ઝાંખી સ્પષ્ટ થઇ સાથે સફાઇ કાર્યક્રમા માટે બનાવેલ ટુકડી તેના વિદ્યાર્થીઓની , અધ્યાપકોની ભૂમિકા સમજાવવામાં આવી.

કાર્યક્રમના મુખ્ય વક્તા અને ઉદઘાટક શ્રીમતી વિભૂતીબેન સેવક ( T.D.O કપરાડા)એ પ્રશ્નોતરી પ્રવૃત્તિથી પોતાના પ્રાસંગિક ઉદબોધનને વેગ આપ્યો. જેમાં સ્વચ્છતાને વ્યક્તિની માનસિકતા સાથે સંકળાયેલી બાબત જણાવી, ગાંધીજીના ચશ્મા. ચરખાનો અર્થ વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમજાવ્યા બાદ, વ્યક્તિના હકો અને ફરજો વિષે ચર્ચા કરી. સ્વચ્છતા સંદર્ભે સરકારશ્રીની અવનવી યોજનાઓથી માહીતગાર કર્યા. કપરાડા ખાતે ૬૦૦૦ જેટલા શૌચાલયો હોવા છતા પચાસ ટકા જેટલા શૌચાલયોનો વાસ્તવિક ઉપયોગ ન થતો હોવા વિશે ખેદ વ્યક્ત કરી .

વિદ્યાર્થીઓ આવતી કાલનું ભવિષ્ય હોવાના નાતે સરકારની તમામ યોજનાઓની સફળ બનાવવા પોતપોતાનો સહયોગ નોંધવે એવો મત વ્યક્ત કરતા, પ્લાસ્ટિકનો ઉપયોગ અંશત: કરવા અનુરોધ કર્યો.

સંપૂર્ણ કાર્યક્રમ ૯:૦૦થી ૧:૩૦ સુધી યોજાયો કે જેમા ૯૧ વિદ્યાર્થીઓ સહિત તમામ કોલેજ સ્ટાફે પોતાની હાજરી નોંધવી સમસ્ત કાર્યક્રમની આભારવિધી પ્રા. રશ્મિતા રાઠોડ દ્વારા કરવામાં આવી. રાષ્ટ્રીય ગાન બાદ તમામ કોલેજ પરીવાર સહિત ટી.ડી.ઓ. શ્રી કપરાડા પણ કોલેજ આયોજિત સ્વચ્છતા રેલીમાં જોડાયા. સંપુર્ણ રેલી કપરાડા સ્થિત અરૂણોદય વિદ્યાલયના સામેના ચોગાનમાં નારાઓના ગુંજારવની સાથે પહોંચી ત્યાં સેમ -૧ ના ભરસટ હસુમતી, ભુસારા શીવાની , ઉદાર ભારતી, ધૂમ સુમિત્રા તેમજસેમ -પના ગાયકવાડ રેખા, સંતોષ, ગાયકવાડ હર્ષદ , સાલકર દિનકર, માહલા મેહુલ, અવતાર અંકેશ અને ધૂમ



સંગીતા દ્વારા " ગાંધીજીની રાહે ચાલીએ રે લોલ " નામનું શેરી નાટક ભજવાયું. કે જેમાં કોલેજ પરિવાર, ટી.ડી.ઓ. કપરાડા અને ગામના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો. શેરી નાટક કપરાડા ખાતે બે અલગ- અલગ વિસ્તારમાં ભજવાયું.

ત્યાર બાદ કાર્યક્રમના પ્રાણ એવા સફાઈ કર્યક્રમની શરૂઆત થઈ. કે જેમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓ સહિત અધ્યાપકો એ થી એફ સુધી ૬ ટૂકડીઓમાં વહેંચાઈ ગામના અલગ-અલગ સ્થળે સફાઈ અભિયાન ચલાવ્યું.જેમાં કોલેજથી હાઈ વે સુધીની સફાઈ ટીમ-એ ના ૧૮ વિદ્યાર્થીઓ પ્રા. સંદિપભાઈ ટંડેલના અધ્યક્ષપણા હેઠળ, બસ ડેપોથી અકસા હોટેલ સુધીની સફાઈ ટીમ-બી ના ૧૭ વિદ્યાર્થીઓ દ્વારા પ્રા. દિપકભાઈ પટેલના નેતૃત્વ હેઠળ , બસ ડેપોથી ગ્રામિણ બેંક સુધીની સફાઈ ટીમ-સી ના ૧૩ વિદ્યાર્થીઓ દ્વારા પ્રા. લાલજીભાઇ ગાંવિતની આગેવાનીમાં તેમજ ગ્રામિણ બેંકથી પોલિસ સ્ટેશન સુધીની સફાઈ ટીમ-ડી ના ૧૫ વિદ્યાર્થીઓ દ્વારા કિરણભાઇ ગામીતના અધ્યક્ષપણા હેઠળ , પોલિસ સ્ટેશનથી ચેકપોસ્ટ સુધીની સફાઇ ટીમ-ઇ ના ૧૫ વિદ્યાર્થીઓ દ્વારા પ્રા.હેમંતભાઇ ખરાડીના નેતૃત્વમાં આવી.સેગરિગેશન શેડનું નેતૃત્વ ગ્રંથપાલશ્રી અમિતભાઇ પરમારે સંભાળ્યું કે જેમાં ટીમ-F ના ૧૩ સભ્યોએ પોતાનો સહયોગ આપ્યો.

આમ કપરાડા વિનયન કોલેજ દ્વારા 'સ્વચ્છતા અભિયાન' કાર્યક્રમની સફળ ઉત્સાહભેર ઊજવણી કરવામાં આવી.

GOVT. ARTS COLLEGE KAPRADA TA. KAPRADA DIST. VALSAD

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.





**Cleanliness Campaign in Collaboration with Taluka Development officer, Kaparada**





**કપરાડા તાલુકાની સરકારી કોલેજમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું**

નાનાપોંઢા | કપરાડા કોલેજના એન. એસ. એસ વિભાગ દ્વારા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન કર્યું હતું જેમાં તાલુકા વિકાસ અધિકારી વિભૂતિબેન સેવકે મુખ્યવક્તા હતાં. કોલેજના આચાર્ય પ્રો. ડી. એન. દેવરી પ્રાસંગિક ઉદબોધન રજૂ કર્યું હતું. સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ અંતર્ગત રેલી યોજ્યા બાદ શેરીનાટક વિદ્યાર્થીઓ દ્વારા ભજવવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ સહિત સમસ્ત કોલેજ પરિવાર અને ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**Name of Activity :- Online Matdar Sudharna in Collaboration with District & Taluka Election officers, Kaparada**

**Date :- 13/9/2019**



**Government Arts College,Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

GACK/ 2019/ અહેવાલ/૪૧૬ DATE: 13/09 /2019

**મતદાર યાદીની સમજણ, નામ સુધારણા, નામ ઉમેરવાનો કાર્યક્રમ**

સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે તા. ૧૩/૦૯/૨૦૧૯ ના રોજ ઓનલાઈન મતદાર યાદીની સમજણ, નામ સુધારણા, ઉમેરવાનો કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમના પ્રમુખ પદે માનનીય ડેપ્યુટી કલેક્ટર શ્રી વલસાડ, શ્રી ડી.આઈ. પટેલ સાહેબ હાજર રહ્યા. સાથે શ્રી કલ્પેશ સુવેરા મામલતદાર કપરાડા, શ્રી જયદીપભાઇ નાયબ મામલતદાર કપરાડા, શ્રી મુકેશભાઈ નાયબ મામલતદાર તેમજ શ્રી મનિષભાઈ ટેકનિકલ અધિકારી શ્રી હાજર રહ્યા.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રીએ મહેમાનોને આવકાર્યા બાદ, તમામ ઉપસ્થિતોનું પુષ્પ દ્વારા સ્વાગત કર્યું. ત્યારબાદ ડેપ્યુટી કલેક્ટર શ્રી ડી.આઈ. પટેલ સાહેબે ઓનલાઈન મતદાર યાદી સુધારણા અંગે વિદ્યાર્થીઓને જાગૃત કર્યા. ઈ.વી.પી. હેલ્પલાઈન એપ ડાઉનલોડ કરવા અંગેનું માર્ગદર્શન આપી ઉપયોગ સમજાવ્યો. સમસ્ત કાર્યક્રમમાં કોલેજના ૧૨૨ વિદ્યાર્થીઓ સહિત ૧૪ શૈક્ષણિક -બિનશૈક્ષણિક કર્મચારીઓએ પોતાની ઉપસ્થિતિ નોંધાવી.

GOVT. ARTS COLLEGE KAPRADA · TA. KAPRADA DIST. VALSAD

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



Monday 16, Sept. 2019

મતદાર સુધારણા કાર્યક્રમ

નિદાન કેમ્પ યોજાયો

કપરાડા કોલેજમાં મતદાર સુધારણા કાર્યક્રમ યોજાયો



**Online Matdar Sudharna in Collaboration with District & Taluka Election officers, Kaparada**



**Name of Activity :- Swachchta Hi Seva in Collaboration with Taluka Seva sadan**
**Date :- 26/9/2019**

**Government Arts College,Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

GACK/ 2019/ સદર ક્રમાંક / ૫૩૭ DATE: 26/09/2019

<u>સેવા સમુદાય ધારા અને રંગકલા કૌશલ્ય ધારા અંતર્ગત તથા તાલુકા સેવા સદન કપરાડાના સંયુકત ઉપક્રમે 'સ્વચ્છતા હી સેવા'</u>

તા. ૨૬/૦૯/૨૦૧૯ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનું પ્રમુખ સ્થાન નાયબ તાલુકા વિકાસ અધિકારીશ્રી પ્રકાશભાઈ પટેલે શોભાવ્યું. સાથે હિરલભાઈ પટેલ, સચિનભાઈ મહાકાલ, ધવલભાઈ પટેલ, બિમલભાઈ ટંડેલ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. દિપકભાઈ પટેલે પ્રાસંગિક સ્વાગત પ્રવચન આપ્યું. જેમાં કાર્યક્રમના મહત્વની સમજુતી સાથે સ્વચ્છતા કાર્યક્રમની શરૂઆત ક્યારે થઈ? કોના વડે થઈ ? કાર્યક્રમ પાછળનો હેતુ સ્પષ્ટ કરાયો. ત્યાર બાદ કોલેજના આચાર્ય શ્રી ડો. ડી.એન.દેવરી સાહેબ દ્વારા નાયબ ટી.ડી.ઓ. સાહેબશ્રી પ્રકાશભાઈ પટેલનું પુષ્પ દ્વારા સ્વાગત કર્યા બાદ કોલેજના અન્ય પ્રાધ્યાપકો દ્વારા અન્ય મહેમાનોને પુષ્પ દ્વારા આવકારવામાં આવ્યા.

નાયબ ટી.ડી.ઓ. સાહેબશ્રી પ્રકાશભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતાનું મહત્વ, પ્લાસ્ટિકને કારણે પર્યાવરણને થતું નુકશાન વગેરે બાબતોને સ્પર્શતી વાતો રજુ કરી. 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ અંતર્ગત તા. ૨૫/૦૯/૨૦૧૯ના રોજ નિબંધ લેખન, ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં નિબંધ સ્પર્ધામાં ભોયા પ્રકાશભાઈ પ્રથમ અને જાદવ મનિષાબેન દ્વિતિય અને રંગોળી સ્પર્ધામાં ભુસારા શિવાંની પ્રથમ અને ધુમ સારિકા દ્વિતિય તથા ચિત્ર સ્પર્ધામાં કોદિયા નીતાબેન પ્રથમ અને ગાંવિત નિર્મળાબેને દ્વિતિય ક્રમ મેળવ્યો. તમામ વિજેતા વિદ્યાર્થીઓને પ્રશસ્તિ પત્રક એનાયત કરવામાં આવ્યા.

કોલેજના પ્રો. ડૉ.પ્રફુલ્લભાઈ કુરકુટિયાએ કોલેજ પરિવારને સ્વચ્છતા વિષયક શપથ લેવડાવ્યા બાદ રાષ્ટ્રગાન ગાઈ કાર્યક્રમની પૂર્ણાહુતિ તરફ આગળ વધારતા સમસ્ત કોલેજ પરિવાર કપરાડા બજાર સુધી સ્વચ્છતા અંતર્ગત રેલીમાં જોડાયા. જે અંતર્ગત સમસ્ત વિદ્યાર્થીઓને ચાર ટુકડીમાં વિભાજીત કરવામાં આવ્યા.ડૉ. પ્રફુલ્લભાઈ, પ્રો. મનોજભાઈ, પ્રો. દિપકભાઈ પી.ટી.આઈ. સંદિપભાઈએ આ સમસ્ત ટુકડીઓનું સફળ સંચાલન કર્યું આમ, સમસ્ત કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. દિપકભાઈ પટેલ અને આભારદર્શન પ્રો. દિપીકાબેન મહેરિયા દ્વારા કરવામાં આવ્યું

GOVT. ARTS COLLEGE KAPRADA • TA. KAPRADA DIST. VALSAD

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

# ની પાંચ પંચાયતોમાં પેટા ચૂંટણી યોજાશે

ઓક્ટોબરના રોજ યોજાનાર પેટા ચૂંટણીનું જાહેરનામું સોમવારે પ્રસિધ્ધ થતાંની સાથે ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે,ઉમેદવારી પત્રોની ચકાસણી ૩૦/૦૯/૨૦૧૯,ઉમેદવારી પત્ર પરત ૧.૧૦.૨૦૧૯ના દિને ખેંચાશે,૧૫/૧૦/૨૦૧૯ ના રોજ મતદાન ગણતરી પ્રક્રિયા હાથ ધરાશે,

જાહેરનામું પ્રસિધ્ધ થતાંની સાથે આસુરા ગ્રામ પંચાયતના સરપંચના અનુસિચિત આદિજાતિ સ્ત્રી બેઠકના ઉમેદવાર માટે સારિકાબેન સંજયભાઈ પટેલ અને સરસ્વતીબેન અનિલભાઈ પટેલ તથા વોર્ડ નંબર ૪ ની બેઠક માટે હિતેશ છોટુ પટેલ અને વોર્ડ નંબર ૬ માટે અમરત સૂખા સોલંકીએ ઉમેદવારી પત્રો લીધા હતા.

# ધરમપુરની એસએમએસએમ હાઈસ્કુલમાં ભોજન સમારંભ યોજાયો

ધરમપુર, તા. ૨૯ : ધરમપુરની એસએમએસએમ હાઈસ્કુલમાં વાપછનછ લાયન્સ ક્લબના ચીફ પ્રેસિડેન્ટ શૈલેષભાઈ મહેતા અને દિલ્હીના ઉદ્યોગપતિ મહેન્દ્રભાઈ અગ્રવાલ દ્વારા શાળાના તમામ બાળકો અને ધરમપુર નગરપાલિકા શાળાના આમ લગભગ ૨૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે આ ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો.

શાળામાં આ નીમત્તે રાખવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કેળવણી મંડળના મંત્રી કિરણસિંહ રાઠોડ, શાળાના આચાર્ય હિતેન્દ્રકુમાર બી ઠાકોર, સુપરવાઇઝર નરેન્દ્રસિંહ ચાવડા, ઈન્દીરાબેન ચૌધરી અને તમામ સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ કાર્યક્રમાં કૃતિ રજુ કરનાર તમામ



બાળાઓને ૫૦ રૂપિયા અને ભોજન કરનાર તમામ બાળકોને ૧૦ રૂપિયા ભેટ સ્વરૂપે દિલ્હીથી પધારેલ દાતા મહેન્દ્રભાઈ અગ્રવાલ દ્વારા આપવામાં આવ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રકાશભાઈ પરમારે કર્યું હતું. અંતે રાષ્ટ્રગીતનું ગાન બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

# કપરાડા કોલેજમાં 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ યોજાયો

કપરાડા, તા. ૨૯ : કપરાડાની સરકારી વિનયન કોલેજમાં તા. ૨૬ સપ્ટેમ્બરે ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ સ્થાન નાયબ તાલુકા વિકાસ અધિકારી, પ્રકાશભાઇ પટેલે શોભાવ્યું હતું. સાથે હિરલભાઇ પટેલ સચિનભાઇ મહાકાલ, ધવલભાઈ પટેલ, બિમલભાઇ ટંડેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની શરુઆતમાં પ્રો. દિપકભાઇ પટેલે પ્રાસંગિક સ્વાગત પ્રવચન આપ્યું હતું. જેમાં કાર્યક્રમના મહત્વની સમજુતી સાથે સ્વચ્છતા કાર્યક્રમની શરુઆત ક્યારે થઇ ? કોના વડે થઇ ? કાર્યક્રમ પાછળનો હેતુ સ્પષ્ટ કરાયો. ત્યારબાદ કોલેજના આચાર્ય ડો. ડી.એન. દેવરી દ્વારા નાયબ ટીડીઓ પ્રકાશભાઇ પટેલનું પુષ્પ દ્વારા સ્વાગત કર્યા બાદ કોલેજના અન્ય પ્રાધ્યાપકો દ્વારા અન્ય મહેમાનોને પુષ્પ દ્વારા આવકારવામાં આવ્યા હતાં.

નાયબ ટી.ડી.ઓ. પ્રકાશભાઇ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતાનું મહત્વ, પ્લાસ્ટિકને




કારણે પર્યાવરણને થતું નુકશાન થતું નુકશાન વગેરે બાબતોને સ્પર્શતી વાતો રજુ કરી હતી. સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત તા. ૨૫-૦૯-૧૯ના રોજ નિબંધ લેખન, ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં નિબંધ સ્પર્ધામાં ભોયા પ્રકાશભાઈ પ્રથમ અને જાદવ મનિષાબેન દ્વિતિય અને રંગોળી સ્પર્ધામાં ભુસારા શિવાની પ્રથમ અને ગાંવિત નિર્મળાને દ્વિતિય ક્રમ મેળવ્યો હતો. તમામ વિજેતા વિદ્યાર્થીઓને પ્રશસ્તી પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કોલેજના પ્રો. ડો. પ્રફુલભાઇ કુરકુટિયા કોલેજ પરિવારને સ્વચ્છતા વિષયક શપથ લેવડાવ્યા બાદ રાષ્ટ્રગાન ગાઇ કાર્યક્રમની પુર્ણાહુતિ તરફ આગળ વધારતા સમસ્ત કોલેજ પરિવાર કપરાડા બજાર સુધી સ્વચ્છતા અંતર્ગત રેલીમાં જોડાયા હતા. જે અંતર્ગત સમસ્ત વિદ્યાર્થીઓને ચાર ટુકડીમાં વિભાજીત કરવામાં આવ્યા હતાં. ડો. પ્રફુલભાઈ, પ્રો. મનોજભાઈ, પ્રો. દિપકભાઈ પી.ટી.આઈ સંદિપભાઈએ આ સમસ્ત ટુકડીઓનુ સફળ સંચાલન કર્યું હતું. આમ સમસ્ત કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. દિપકભાઈ પટેલ અને આભારદર્શન પ્રો. દિપીકાબેન મહેરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# માકડબનના દંપતિના વારસદારને સહાય

નિયમોનુસાર મૃતકોના સીધી લીટીની વારસદાર પુત્ર સુરજભાઈ સુરેશભાઈ વાઘેરાને માનવ મૃત્યુની નાણાકીય સહાય રૂપિયા આંઠ લાખનો ચેક તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઈ પાડવી, ટીડીઓ, તલાટી, એટીડીઓ અને સરપંચ દ્વારા માકડબન ઘરે જઈ અપાયો હતો



30th September 2019 ધબકાર

**Name of Activity :-Celebration of 150th Gandhi Jayanti and Fit India Pluging Run**
**Date :- 2/10/2019**

**Government Arts College,Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

GACK/ 2019/ક્રી.ઈ.રવી.૨/૫૫૧ DATE:02 /10 /2019

<u>મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી અંતર્ગત "ફીટ ઈન્ડિયા પ્લોગિંગ રન" કાર્યક્રમ</u>

તા.૦૨/૧૦/૨૦૧૯ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી અંતર્ગત "ફીટ ઈન્ડિયા પ્લોગિંગ રન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સૌપ્રથમ કોલેજના પ્રાંગણમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબે સમસ્ત કોલેજ પરિવારને મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી પ્રસંગે સંબોધ્યા. સાથે લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મ જયંતીની યાદ તાજી કરાવી.

કોલેજ પરિવારના તમામ સભ્યો ટુકડી બનાવી પ્લોગિંગ રન કાર્યક્રમનો ભાગ બન્યા. પ્લોગિંગ રન કાર્યક્રમ અંતર્ગત સરકારી વિનયન કોલેજ કપરાડાથી કપરાડા બજાર અને ચેકપોસ્ટ સુધી પ્લાસ્ટીક કચરો વીણતા રેલીનું આયોજન કરવામાં આવ્યું. કપરાડાને પ્લાસ્ટીક મુક્ત બનાવવાનો પ્રયત્ન હાથ ધરાયો. સમસ્ત કાર્યક્રમ અંતર્ગત કોલેજ પરિવારના શૈક્ષણિક - બિનશૈક્ષણિક ૧૨ કર્મચારીઓ અને ૬૦ વિદ્યાર્થીઓ સહિત કુલ ૭૨ લોકોએ પોતાનો સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

GOVT. ARTS COLLEGE KAPRADA TA. KAPRADA DIST. VALSAD

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

# Celebration of 150th Gandhi Jayanti and Fit India Plugging Run









**Name of Activity :- Campaign For Plastic Free India**
**Date :- 4/10/2019**

# Government Arts College,Kaparada
## સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

GACK/ 2019/ NSS / 452 DATE: 02/10 /2019

'કેમ્પઈન ફોર પ્લાસ્ટીક મુક્ત ભારત' કાર્યક્રમ

તા.૪/૧૦/૨૦૧૯ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે કેમ્પઈન ફોર પ્લાસ્ટીક મુક્ત ભારત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ઉપરોક્ત કાર્યક્રમ અંતર્ગત કોલેજ પરિસરથી કપરાડા બજાર સુધી રેલીનું અયોજન કરવામાં આવ્યું. રેલીમાં કોલેજ પરિવારના ૧૪ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ અને ૩૪ NSS ના સ્વયંસેવક ભાઈ અને બહેનો મળીને કુલ ૪૮ સદસ્યો હાજર રહ્યા.

NSS ના સ્વયંસેવક ભાઈ અને બહેનોને ૫ વિભાગમાં વિભાજીત કરી કપરાડા બજાર ખાતે સ્થિત દુકાનદારોને પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનમાં જોડાવા માટે સમજણ આપી. પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અનુરોધ કર્યો અને શપથ લેવડાવ્યા.

આમ, કેમ્પઈન ફોર પ્લાસ્ટીક મુક્ત ભારત કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું.

GOVT. ARTS COLLEGE KAPRADA TA. KAPRADA DIST. VALSAD

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

## Campaign For Plastic Free India








**Name of Activity :-Voter Awareness Programme in Collaboration with district and Taluka Election Officers**

**Date :- 7/12/2019**

**Government Arts College,Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ. પિનકોડ નં. ૩૯૬ ૦૬૭. સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

GACK 2019/મ.સુ.જા.કા/644 DATE: 7/12/2019

મતદાર સુધારણા જાગૃતિ કાર્યક્રમ

તા.૦૭/૧૨/૨૦૧૯ ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે 'મતદાર સુધારણા જાગૃતિ કાર્યક્રમ' નું આયોજન વલસાડ જિલ્લાના ડેપ્યુટી કલેક્ટરશ્રી ડી. આઈ. પટેલના અધ્યક્ષતા હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કપરાડા તાલુકાના નાયબ મામલતદારશ્રી જયદીપ પ્રજાપતિ અને નાયબ મામલતદારશ્રી મુકેશ પ્રજાપતિ હાજર રહ્યા હતા.આજના કાર્યક્રમમા ડેપ્યુટી ક્લેકટર શ્રી ડી.આઇ.પટેલ સાહેબનું સ્વાગત કોલેજના પ્રાધ્યાપક શ્રી ડૉ.પ્રફુલ્લભાઇ. બી. કુરકુટીયા એ કર્યું હતું. તેમની સાથે આવેલ નાયબ મામલદારશ્રી અને તેમની ટીમનું સ્વાગત કોલેજના અન્ય પ્રાધ્યાપક દ્વારા કરવામા આવ્યું.

કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને મતદાર સુધારણા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કોલેજના ૧૭ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ તથા ૭૬ વિધાર્થીઓ હાજર રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રાધ્યાપક શ્રી ડૉ.પ્રફુલ્લભાઇ. બી. કુરકુટીયા એ કર્યું હતું.

Government Arts College Kaparada * Dist.Valsad (seal)

I/c Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada, Dist.Valsad

**Voter Awareness Programme in Collaboration with district and Taluka Election Officers**








**Name of Activity :-N.S.S. Annual Special Camp**
**Date :- 18/12/2019 to 24/12/2019**

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

## એન.એસ.એસ. વાર્ષિક ખાસ શિબિર અહેવાલ

તા.૧૮.૧૨.૧૯ થી ૨૪.૧૨.૧૯

શૈક્ષણિક વર્ષ - ૨૦૧૯-૨૦

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન અત્રેની સરકારી વિનયન કોલેજ, કપરાડાના એન.એસ.એસ. યુનિટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સાત દિવસીય વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્ષિક ખાસ શિબિરનું આયોજન સુથારપાડા ગામ મુકામે અને સાત દિવસીયનું રાત્રી રોકાણ પ્રાથમિક શાળા, સુથારપાડા ખાતે કરવામાં આવ્યું હતું.

તા.૧૮.૧૨.૧૯ના રોજ બપોરના ૧:૦૦ કલાકે અત્રેની કોલેજથી પ્રસ્થાન કર્યું હતું. લગભગ ૨:૧૦ કલાકે સુધીમાં અમે પ્રાથમિક શાળા, સુથારપાડા ખાતે પહોંચી ગયા હતા. ત્યારબાદ દરેક સ્વયંસેવકોએ પોતાના રહેવાની જ્ગ્યાની સાફ-સફાઇ કરી હતી. ત્યારબાદ સ્વયંસેવકો લોક્સંપર્કમાં ગયા હતા.રાત્રીના ભોજનની વ્યવસ્થા અમારી કોલેજના અધ્યાપકશ્રી રમેશભાઇ જાદવ દ્વારા કરવામાં આવી હતી. રાત્રી સભામાં દરેક સ્વયંસેવકોને જુદી જુદી પાંચ જેટલી ટુકડીઓમાં વહેંચવામાં આવ્યા હતા.

તા.૧૯.૧૨.૧૯ના રોજ સવારે ૫:૦૦ કલાકે ઊઠી પ્રાત: કાર્ય બાદ પ્રભાતફેરી કરી,પ્રાર્થના માટે હોસ્ટેલના બાળકો સાથે ભેગા મળી પ્રાર્થના, યોગ અને શારીરિક કસરતો કરી હતી.ત્યારબાદ સવારના નાસ્તા માટે બધા ભેગા થયા હતા. નાસ્તા બાદ દરેક સ્વયંસેવકો ઉદ્‌ઘાટન સમારંભની તૈયારીમાં જોતરાઇ ગયા હતા. લગભગ સવારના ૧૦:૩૦ કલાકે પ્રાથમિક શાળાના પટાંગણમાં ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆત થઈ હતી. ઉદ્‌ઘાટન સમારંભમાં અત્રેની કોલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરી, કોલેજના અધ્યાપકશ્રી ડૉ.પી.બી.કુરકુટીયા અને શ્રી ડી.વી.પટેલ સાહેબે વિશેષ હાજરી આપી હતી. સમારંભમાં શાંળાના આચાર્યશ્રી ચેતનભાઇ, તાલુકા પંચાયત સદસ્યશ્રી ભાવલુભાઇ., પૂર્વ જીલ્લા પંચાયત સદસ્યશ્રી મીરાંબેન ભુસારા,એસ.એમ.સીના પ્રમુખશ્રી હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.કાર્યકની શરૂઆત કોલેજની સ્વયંસેવક બહેનોએ પ્રાર્થનાથી કરી હતી. ત્યારબાદ દિપપ્રાગટ્ય મહેમાનશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર એસ.એસ.ટંડેલ દ્વારા એન.એસ.એસ.અને સાત દિવસીય કેમ્પ દરમિયાન થનાર કાર્યક્મોની માહીતિ આપવામાં આવી હતી. મહેમાનશ્રીઓ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામં આવ્યા હતા.અંતમાં દરેકનો આભાર વ્યક્ત કરી કાર્યક્મને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. ઉદ્‌ઘાટન કાર્યક્મનું સંચાલન કોલેજના અધ્યાપકશ્રી ડી.વી.પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું.

GOVT. ARTS COLLEGE KAPRADA
TA. KAPRADA DIST. VALSAD

કોલેજના આચાર્યશ્રી તેમજ અધ્યાપકશ્રીઓ અને સ્વંયસેવકોએ બાપોરનું ભોજન સાથે લીધું હતું. બપોર પછી સ્વયંસેવકોએ પોતપોતાની ટુકડી પ્રમાણે શાળાની તેમજ કેમ્પસની સાફ-સફાઇનું કાર્ય કર્યુ હતું.

તા.૨૦.૧૨.૨૦૧૯ના રોજ સવારનું કાર્ય બાદ સીઝનલ હોસ્ટેલના વાંચન-લેખન માટે બેઠલા બાળકોની સાથે બેસીને તેમને સ્વયંસેવકો વાંચન-લેખનમાં મદદ રૂપ થયા હતા.ત્યારબાદ સવારની ચા અને નાસ્તો લઇને સુથારપાડા ખાતે આયોજીત થતા હાટ બજારની સફાઇ કાર્ય માટે દરેક ટુકડી પ્રમાણે તે વિસ્તારની સફાઇ કાર્યમાં જોતરાઇ ગયા હતા.આ શ્રમકાર્યમાં અમારી કોલેજના અધ્યાપકશ્રી એચ.જે.ખરાડી સાહેબ પણ જોડાયા હતા અને સ્વયંસેવકોને માર્ગદર્શન આપી આવા સેવા કાર્ય માતે પ્રોત્સાહિત કર્યા હતા. આ દિવસે શાળામાં રમત-ગમત પ્રવૃત્તિનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ મનોરંજનાત્મક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા સ્વયંસેવકોએ પણ ભાગ લીધો હતો. ત્યારબાદ ઇનામ વિતરણ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. વિજેતા ખેલાડીઓને ઇનામ આપી સત્કારવામાં આવ્યા. સાંજના સમયે શાળાના કેમ્પસમાં બગીચાનું કામ કરવામાં આવ્યું હતું.

તા.૨૧.૧૨.૧૯ના રોજ પ્રાત: કાર્ય બાદ સવારે ૯:00 કલાકે ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળા ખાતે કારકિંદી માર્ગદર્શન અંગેના કાર્યક્રમનું આયોજન તેમજ શાળાના કેમ્પસની સાફસફાઇ પણ કરવામાં આવી હતી. કારકિંદી માર્ગદર્શન કાર્યક્રમમાં વ્યક્તા તરીકે અમારી કોલેજના અધ્યાપકશ્રી ડૉ.પી.બી.કુરકુટિયા અને એમ.પી.પટેલ સાહેબ હાજર રહ્યા હતા. અધ્યાપકશ્રીઓએ વિદ્યાર્થીઓને પોતાના શૈક્ષણિક કારકિંદી અને વ્યવસાયિક કારકિંદી અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારદબાદ બપોરના સમયે સ્વયંસેવકોની બે ટુકડી સુથારપાડા ગામની આજુ-બાજુ આવેલી પ્રાથમિક શાળાની મુલાકાત લઇ જરૂરી માહિતી એકત્ર કરી હતી.

તા. ૨૨.૧૨.૧૯ના રોજ રોજીંદા કાર્ય બાદ ટ્રેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સુથારપાડા ગામથી લગભગ એક- દોઢ કિલોમીટર દૂર આવેલ શિવગુફાની મુલાકાત લીધી હતી. સૌ સ્વયંસેવકોએ શિવગુફામાં આવેલ શિવલીંગના દર્શન કરી ત્યાં જવા માટે બનાવેલ પગથીયાની તેમજ ગુફાની આજુબાજુના વિસ્તારની સાફ-સફાઇ કરી હતી. ત્યારબાદ નજીકમાં આવેલ આશ્રમની પણ સાફસફાઇ કરી હતી. ત્યારબાદ નજીકમાં આવેલ શનિદેવ મંદિરની પણ મુલાકાત લઇ ટેકરી પર આવેલ મનછા માતાના મંદિરના પણ દર્શન કર્યા હતા. બપોરના સમયે દરેક ટુકડીને સુથારપાડા ગામના સર્વે માટે મોકલવામાં આવ્યા હતા. સર્વેમાં ગામના લોકોની આર્થિક સ્થિતિ, મુખ્ય વ્યવસાય તેમજ સરકારની વિવિધ યોજનાઓ અને સ્વચ્છતા જેવી બાબતો અંગેની માહિતી એકત્ર કરવામાં આવી હતી અને રાત્રીના સમયે રાખવામાં આવેલ સાંસ્કૃતિ કાર્યક્રમમાં પણ ગામ લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

GOVT. ARTS COLLEGE KAPRADA
TA. KAPRADA DIST. VALSAD

તા.૨૩.૧૨.૧૯ના રોજ દૈનિક કાર્ય બાદ સ્વયંસેવકોને ટુકડીમાં વહેંચાયને સુથારપાડા ગામના બજાર વિસ્તારની સફાઇ કરી હતી અને બજાર વિસ્તારમાં આવેલી દુકાનોના અને ગામાજનોનું સ્વચ્છતા અંગે ધ્યાન દોર્યું હતું. બપોરના ભોજન બાદ વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીમાં જોતરાઇ ગયા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી,પૂર્વ જી.પં.સદસ્ય અને ગામ લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.એન.એસ.એસ.ના સ્વયંસેવકો અને શાળાના બાળકોએ ૧૩ જેટલી કૃતિઓ કરી હતી.કૃતિઓ બદલ પ્રોત્સાહન માટે રોકડ ઇનામ પણ આમંતત્રિત મહેમાનશ્રીઓ તરફથી આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

૨૪.૧૨.૧૯ના રોજ પૂર્ણાહુતિ કાર્યક્રમમાં અમારી કોલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરી અને અધ્યાપકશ્રી એમ.પી.પટેલ સાહેબે હાજરી આપી હતી. તેમજ આમંત્રિત મહેમાનોમાં શાળાના આચાર્યશ્રી અને ગામના સરપંચશ્રીએ હાજરી આપી હતી. પ્રો.ઓફિસરશ્રી એસ.એન.ટંડેલ દ્વારા સમગ્ર કેમ્પનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યશ્રી દ્વારા પ્રસંગોચિત ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું અને કેમ્પની સફળતા સાથે સંકળાયેલ તમામને શુભકામના પાઠવી હતી. અંતમાં અધ્યાપકશ્રી એમ.પી.પટેલ સાહેબે દરેકનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

N.S.S. Programme Officer
Govt. Arts College, Kaparada,
Ta. Kaparada, Dist. Valsad

Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada. Dist.Valsad

GOVT. ARTS COLLEGE KAPRADA • TA. KAPRADA DIST. VALSAD

# N.S.S. Annual Special Camp 2019-20









**Name of Activity :- Education Tour to Statue of Unity and Poicha**
**Date :- 16/1/2020**

સરકારી વિનયન કોલેજ કપરાડા ,જિ:- વલસાડ

શૈક્ષણિક પ્રવાસ 2019/20 તા:-16/01/2020

GOVT. ARTS COLLEGE KAPRADA • TA. KAPRADA DIST. VALSAD

અહેવાલ

તા:- 16/01/2020 ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી , સરદાર સરોવર ડેમ , ફ્લાવર ઓફ વેલી અને પોઇચા સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રવાસ અંગેની નોટીસ તા:-27/12/2020 ના રોજ નોટીસ બોર્ડ પર મુકવામાં આવી હતી. પ્રવાસ માટે વિદ્યાર્થીઓની ફી 1200/- રૂપિયા રાખવામાં આવી હતી. કોલેજમાંથી પ્રવાસ આવનાર અધ્યાપક મિત્રોએ પણ 1200/- નું યોગદાન આપ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડો.ડી.એન.દેવરી સાહેબ દ્વારા 1000/- રૂપિયા મળ્યા હતા. આમ કુલ 25 વિદ્યાર્થીઓ અને 5 સ્ટાફ મિત્રો પ્રવાસમાં જોડાયા હતા.

તા:-16/01/2020 ના રોજ સવારે 4:30 કલાકે સરકારી વિનયન કોલેજ કપરાડાથી 3 ટવેરા ગાડીઓમાં સૌએ પ્રસ્થાન કર્યું. કોલેજના અધ્યાપક શ્રી દિપકભાઇ , શ્રી પ્રફૂલભાઇ ,શ્રી સંદિપભાઇ એક એક ગાડીઓની જવાબદારી સંભાળી હતી. જ્યારે સમગ્ર પ્રવાસનાં કન્વીનર શ્રી દિપકકુમાર વી. પટેલ હતા.

સવારે નવ કલાકે ઝંખવાવ પહોંચી વિદ્યાર્થીઓને ભોલે ટી સેંટર ખાતે ચા અને નાસ્તો આપવામાં આવ્યો. ગીતોના સુમધુર અવાજો અને આનંદ માણતા અમે સૌ 11 કલાકે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પાર્કિંગ વિસ્તારમાં આવી ગયા. જ્યાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે જનાર એ.સી. બસમાં બેસી અમે સૌ સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચ્યા. જે માટેની ટીકીટો પહેલાંથી જ ઓનલાઇન ખરીદી લીધેલ હતી. જેની પ્રતિ વ્યક્તિ કિંમત 380 રૂપિયા હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં વિદ્યાર્થીઓએ ફોટોગ્રાફી કરી , ત્યારબાદ 12 કલાકે વ્યુઇંગ ગેલેરી સુધી પહોંચવા માટે વિદ્યાર્થીઓ લીફ્ટમાં બેઠા. 38 સેકંડમાં લીફ્ટ દ્વારા અમો સૌ વ્યુઇંગ ગેલેરીમાં પહોંચી ગયા.જે 135 મીટરની ઉંચાઇ પર આવેલ છે. અહીંથી અમે સૌએ સરદાર સરોવર ડેમનો અદભુત નજારો જોયો.જે ગેલેરી સ્ટેચ્યુના હાર્ટમાં આવેલી છે. ત્યાં ઉપસ્થિત ગાઇડ શ્રી કિરણભાઇ તડવીએ વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી. તેમણે જણાવ્યુ કે સ્ટેચ્યુની કુલ ઉંચાઇ 182 મીટર છે. તે બનાવવા માટે 43 મહિના લાગ્યા હતા , જે એક વિશ્વ રેકોર્ડ છે. સ્ટેચ્યુ બનાવવા માટે 17000 મેટ્રીક ટન સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હાલ તે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા છે. જેના આર્કીટેક્ચર શ્રી રામ વી. સુથાર હતા. શ્રી કિરણભાઇએ સરદાર સાહેબના ભારત નિર્માણના સ્વપ્નની વિસ્તૃત વાત કરી અને સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આપણા દેશ માટે કેટલું મહત્વ છે , તે સૌ વિદ્યાર્થીઓને સમજાવ્યું.

ગેલેરી નિહાળ્યા બાદ સૌ સ્ટેચ્યુના નીચે આવ્યા. જ્યાં વિદ્યાર્થીઓએ સરદાર સાહેબના જીવન કવન અંગેનું પ્રદર્શન નિહાળ્યું. વિદ્યાર્થીઓએ ફોટોગ્રાફીનો આનંદ માણ્યો. ત્યારબાદ સૌ એસ્કેલેટરના માધ્યમથી સ્ટેચ્યુના પગના નીચે આવ્યા. જ્યાંથી વિદ્યાર્થીઓને મૂર્તિની વિશાળતાનો ખ્યાલ આવ્યો. અહીંથી વિદ્યાર્થીઓને સરદાર સરોવર ડેમનો નજારો જોવા મળ્યો.સૌએ ફોટોગ્રાફી અને સેલ્ફીનો આનંદ માણ્યો.

સ્ટેચ્યુ ઓફ યુનિટી જોયા બાદ બપોરે 2 કલાકે બસ દ્વારા સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી , અને ટૂંક સમયમાં જ બસ દ્વારા ફ્લાવર ઓફ વેલી ગયા. કોલેજના અધ્યાપકશ્રી મનોજભાઇ પટેલ સાહેબશ્રી તરફથી હળવો નાસ્તો વિદ્યાર્થીઓ માટે મોકલાવવામાં આવ્યો હતો. જ્યાં વિદ્યાર્થી અને અધ્યાપક મિત્રોએ હળવો નાસ્તો અને ફોટોગ્રાફીનો આનંદ માણ્યો. જ્યાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સુંદર નજારો જોવા મળ્યો. થોડો વિશ્રામ કર્યા બાદ સૌ 3:30 કલાકે પોત પોતાને ફાળવેલ ગાડીમાં બેસી પોઇચા જવા માટે નીકળ્યા.

સાંજે 4:30 કલાકે અમે સૌ પોઇચા પહોચ્યા , જ્યાં સ્વામીનારાયણ ભગવાનનું વિશાળ મંદિર આવેલું છે. સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ મંદિરમાં દર્શન કર્યા.દર્શન કર્યા બાદ સૌ વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રોએ પરિસરમાં આવેલ સહજાનંદ યુનિવર્સ પ્રદર્શનમાં ભાગ લીધો. જેની વ્યક્તિ દીઠ ટીકીટનો દર 150 રૂપીયા હતો.જેમાં વિદ્યાર્થીઓને 40 રૂપીયાનું કંન્સેશન મળતા 110 રૂપીયા વ્યક્તિ દીઠ ચુકવવામાં આવ્યા. પ્રદર્શનમાં મુખ્યત્વે ભારતીય પ્રાચીન સંસ્કૃતિનો ગૌરવપૂર્ણ ઇતિહાસ રજુ થયેલ છે. જેમ કે , રામાયણ અને મહાભારતના પાત્રોની થીમ , સ્વામીનારાયણ સંપ્રદાયની થીમ , હોરર શો , મીરર શો , વિજ્ઞાનને લગતા પ્રદર્શનો , માછલીઘર, પક્ષીઘર જેવા પ્રદર્શનો વિદ્યાર્થીઓએ નિહાળ્યા. પ્રદર્શનોમાં વિદ્યાર્થીઓને ખુબ મજા આવી. વિદ્યાર્થીઓએ વિવિધ થીમની ફોટોગ્રાફી કરી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ વોટર શો નિહાળ્યો , જેમાં રાજા હિરણ્ય કશ્યપ અને ભક્ત પ્રહલાદની થીમ પર લેઝર શો બતાવવામાં આવ્યો.વિદ્યાર્થીઓને ખુબ મજા પડી ગઇ. વોટર શો નિહાળ્યા બાદ વિદ્યાર્થીઓએ ડાંસીંગ બ્રીજ પર ચાલવાની મજા લીધી. પ્રદર્શનના અંતે વિદ્યાર્થીઓએ નૌકા વિહારની મજા માણી.જેની વ્યક્તિ દીઠ ટીકીટ 40/- રૂપીયા હતી.આમ, સમસ્ત પ્રદર્શન પુર્ણ થયુ.

સાંજે 8:00 કલાકે સૌએ ગુજરાતી થાળીનો આનંદ લીધો. ગુજરાતી ડીશની વ્યક્તિ દીઠ કિંમત 60/- રૂપિયા હતી.જેમાં રોટલી , બે શાક , કઢી , ખિચડી અને છાશનો સમાવેશ થયેલ હતો.સૌને જમવાની ખુબ મજા આવી. જમ્યાબાદ સૌ વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રોએ મંદિર પરિસરમાં આવેલ દુકાનોમાંથી ખરીદી કરી. આમ, પ્રવાસના આનંદ અને યાદો સાથે સૌ 10:00 કલાકે પોઇચાથી કોલેજ આવવા નીકળ્યા.

સવારે તા:-17/10/2020 ના રોજ સવારે 3:30 કલાકે ત્રણે ગાડીઓ કપરાડા કોલેજમાં આવી ગઇ. જ્યાંથી સૌ વિદ્યાર્થીઓને તેમના નિવાસસ્થાને સુરક્ષિત પહોંચાડવામાં આવ્યા. આમ, એકંદરે સૌએ પ્રવાસ દ્વારા રસપ્રદ માહિતી સાથે પ્રવાસનો આનંદ માણ્યો.

બીડાણ:-

(1) આવક જાવક પત્રક

(2) વાઉચર

(3) ફોટોગ્રાફ્સ

[signature]
Assistant Professor
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

## Education Tour to Statue of Unity and Poicha



Government Arts College, Kaparada
Educational Tour – 2019-20
Date: 16-01-2020

સ્ટેચ્યુ ઓફ યુનીટી પાર્કિંગ

ફ્લાવર ઓફ વેલી માટે બસમાં જતા વિદ્યાર્થીઓ

Academic Year - 2019-20



Government Arts College, Kaparada
Educational Tour – 2019-20
Date: 16-01-2020

પોઇચા

Academic Year - 2019-20

**Name of Activity :- "Beti Bachavo Beti Padhao" Programme**
**Date :- 18/2/2020**

**Government Arts College, Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭ સ્થાપના વર્ષ
૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

GACK/2020/ સામુ. સેવાધારા / અહેવાલ / ૧૪ **DATE: 18 / 02 /2020**

સરકારી વિનયન કોલેજ, કપરાડા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે
તા.18મી ફેબ્રુઆરી, 2020 ના રોજ યોજાયેલ 'બેટી બચાવો બેટી પઢાવો' સેમિનાર અંગેનો અહેવાલ:

સરકારી વિનયન કોલેજ, કપરાડા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, વલસાડના સંયુક્ત
ઉપક્રમે તા.18/02/2020 ના મંગળવારના રોજ 10:00 કલાકે કોલેજમાં ચાલતી સપ્તધારાની પ્રવૃત્તિઓ અંતર્ગત
'સામુદાયિક સેવા ધારા' હેઠળ "બેટી બચાવો બેટી પઢાવો" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ
પદે કપરાડા તાલુકાના મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટશ્રી રહ્યા હતા. કાર્યક્રમમાં મહેમાન તરીકે જિલ્લા
મહિલા અને બાળ અધિકારીશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, ધરમપુરના
કાર્યકર્તા બહેનો તથા કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબ અને સામુદાયિક સેવા ધારાના અધ્યક્ષ શ્રી. ડો.પી.
બી. કુરકુટિયા અને સામુદાયિક સેવા ધારાના ઉપાધ્યક્ષ સંદિપભાઈ એન. ટંડેલ તથા કોલેજના અન્ય સ્ટાફગણની
ઉપસ્થિતિમાં 10:30 કલાકે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સંદિપભાઈ એન. ટંડેલ
ધ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું કોલેજના આચાર્યશ્રી અને અધ્યાપકો દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છથી
સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અનુરૂપ પ્રાસંગિક ઉદ્દબોધન આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબે રજુ કર્યું.
ડો.પી. બી. કુરકુટિયા સાહેબે સેવા સામુદાયિક ધારા અંગેની માહિતી રજૂ કરી દીકરીના જન્મને હકારાત્મક દ્રષ્ટિએ
વધામણી કરવા સંદર્ભે વાતો કરી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીએ માતૃત્વ સશક્તિકરણ, સ્ત્રી સશક્તિકરણ, સ્ત્રી
શિક્ષણ સંદર્ભે વક્તવ્ય આપ્યું હતું. તેમણે ખાસ કરીને કપરાડા તાલુકાના સંદર્ભે બાળલગ્ન બાબતે ચર્ચા કરી હતી. જિલ્લા સમાજ
સુરક્ષા અધિકારીશ્રીએ બાળલગ્ન અધિનિયમ 2006 અંતર્ગત આવતા દંડ અને સજાની જોગવાઈથી વિદ્યાર્થિઓને માહિતગાર કર્યા
ના. વલસાડ જિલ્લા ફિલ્ડ ઓફિસરશ્રીએ 'બેટી બચાવો બેટી પઢાવો' સૂત્રને મૂળમાંથી સમજાવતા સ્ત્રી ભ્રુણહત્યા, બાળ -
મહિલાઓની રક્ષા અને તેમના શિક્ષણ સંદર્ભે વક્તવ્ય રજૂ કર્યું હતું. તે ઉપરાંત કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ
2013 અંગેની માહિતી પણ આપી હતી. સાથે 'સી-બોક્ષ' નામની વેબસાઈટની પણ માહિતી આપી હતી. કાર્યક્રમની આભારવિધી શ્રી.
કિરણકુમાર ગામીતે કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજનો શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે હાજરી આપી હતી. કોલેજના 102
વિદ્યાર્થીઓએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રા. શ્રી. મનોજકુમાર
પટેલે કર્યું.

કાર્યક્રમના પ્રથમ સેશન પછી ઉપસ્થિત તમામ લોકો માટે ભોજનની વ્યવસ્થા જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી,
વલસાડ દ્વારા કરવામાં આવેલ હતી. ત્યાર બાદ સૌ સાથે મળી કોલેજથી કપરાડા બજાર સુધી રેલી કાઢવામાં આવી હતી. બજારમાં
કોલેજના વિદ્યાર્થીઓ ભરસટ હસુમતીબેન કિશનભાઈ (સેમ-2), ભરસટ જયશ્રીબેન કિશનભાઈ (સેમ-6), માહલા મેહુલભાઈ
પાંડુભાઈ (સેમ-4), ચૌધરી રવિંદ્રભાઈ દિનેશભાઈ (સેમ-4), ડગળા ભરતભાઈ બાબુરાવ ભાઈ (સેમ-4), ગાયકવાડ રેખાબેન
માહદુભાઈ (સેમ-6), આશાર્યા પંકજભાઈ રામાભાઈ (સેમ-4) ધ્વારા "બેટી બચાવો બેટી પઢાવો" વિષય અનુરૂપ નુક્કડ નાટકની
રજૂઆત કરવામાં આવી હતી. જેને કપરાડાના ગ્રામવાસીઓએ નિહાળી નાટકની પ્રશંસા કરી હતી. ઉપસ્થિત મહેમાનોએ નાટકમાં
ભૂમિકા ભજવનાર પાત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

# Government Arts College,Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,
સ્થાપના વર્ષ : ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org


GACK/2020/ગામ્રુ સેવાધારા / અહેવાલ/ ૭૪

DATE: 17 / ૦૨/2020

સરકારી વિનયન કૉલેજ, કપરાડા અને જીલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે

"બેટી બચાવો બેટી પઢાઓ કાર્યક્રમ"

કાર્યક્રમની રૂપરેખા : તા: ૧૮/૦૨/૨૦૨૦ મંગળવાર

❖ કાર્યક્રમ સંચાલક : ડૉ. મેઘનાબેન કે. ધારણે

| ક્રમ | સમય | કાર્યક્રમ સૂચિ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૦:૩૦ | દીપ પ્રાગટ્ય | ઉપસ્થિત મહાનુભાવો દ્વારા |
| ૨ | ૧૦:૩૫ થી ૧૦:૪૦ | મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત | (૧) જીલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીનું - આચાર્યશ્રી દ્વારા<br>(૨) જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીનું- શ્રી. મનોજકુમાર પટેલ<br>(૩) મામલતદારશ્રી , કપરાડા- શ્રી. દિપકકુમાર પટેલ<br>(૪) ડો.ડી.એન. દેવરી (આચાર્યશ્રી)નું - શ્રી. હેમંતકુમાર ખરાડી<br>(૫) સેવા સમુદાયધારા અધ્યક્ષ- (ડૉ. પી. બી. કુરકુટિયા)નું શ્રી. કિરણભાઇ ગામિત<br>(૬) સેવા સમુદાયધારા ઉપાધ્યક્ષ - શ્રી. સંદિપકુમાર ટંડેલનું - અમિતકુમાર પરમાર |
| ૩ | ૧૦:૪૦ થી ૧૦:૪૫ | મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત | શ્રી. સંદિપકુમાર એન. ટંડેલ સાહેબ |
| ૪ | ૧૦:૪૫ થી ૧૦:૫૦ | પ્રાસંગિક ઉદબોધન | આચાર્યશ્રી (ડૉ.ડી.એન.દેવરીસાહેબ) દ્વારા |
| ૫ | ૧૦:૫૦ થી ૧૦:૫૫ | સેવા સામુદાયિકધારા અંગેની માહિતી | મદદનીશ પ્રાધ્યાપક ડૉ. પી. બી. કુરકુટિયા સાહેબ |
| ૬ | ૧૦:૫૫ થી ૧૧: ૧૫ | જીલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીનું વ્યાખ્યાન | શ્રી. શૈલેષભાઇ કણઝરિયા સાહેબ |
| ૭ | ૧૧:૧૫ થી ૧૧:૩૫ | જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીનું વ્યાખ્યાન | શ્રી.ભગીરથસિંહ ચુડાસમા સાહેબ |
| ૮ | ૧૧:૩૫ થી ૧૧:૪૫ | ફિલ્ડ ઑફિસરશ્રીનું (જીલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી) વ્યાખ્યાન | શ્રી પરીક્ષિતભાઇ વાઘેલા |
| ૮ | ૧૧:૪૫ થી ૧૧:૫૫ | મામલતદાર અને એક્ઝિક્યુટિવ મજીસ્ટ્રેટશ્રીનું વ્યાખ્યાન | શ્રી. કલ્પેશભાઈ સુવેરા સાહેબ |
| ૯ | ૧૧:૫૫ થી ૧૨:૧૫ | આભાર વિધી | પ્રા. શ્રી. મનોજકુમાર પટેલ સાહેબ |
| ૧૦ | ૧૨:૧૫ થી ૦૧:૦૫ | ભોજન | કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ |
| ૧૧ | ૦૧:૦૫ થી ૦૧:૧૫ | રેલી | કોલેજ થી કપરાડા બજાર સુધી |
| ૧૨ | ૦૧:૧૫ થી ૦૧:૩૦ | નુક્કડ નાટક "બેટી બચાવો બેટી પઢાઓ" | કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા |

Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada. Dist.Valsad






“Beti Bachavo Beti Padhao” Programme







